નિસરણી

૭મું પગથીયું



૨૮ તલકશી એન્ડ સન્સ મુંબઈ

શિશુ સાહિત્યમાળા પુષ્પ ૬ ઠ્ઠું.

નિસરણી.

છઠ્ઠું પગથીયું.

લેખકો:
વજુભાઇ દવે અને ગોવિંદભાઇ ઠાકર.

પ્રકાશક:
જેચંદ તલકશી એન્ડ સન્સ,
એમ્પાયર બિલ્ડીંગ, હોર્નબી રોડ,
મુંબઇ.

બે આના.

આવૃત્તિ પહેલી ∴ સને ૧૯૩૯

શિશુ સાહિત્યમાળા

સંપાદક
વજુભાઇ દવે
એલિસબ્રિજ, અમદાવાદ

મુદ્રક,
મનુભાઈ અમૃતલાલ શેઠ
સ્વાધીન મુદ્રણાલય : રાણપુર


છ છે

દ દે

લ લે

ત તે

બ બે



કાકા છે.

મામા છે.

દાદા છે.

ભાભા છે.

ભાઇ છે.

બાપા છે.

બા છે.

બધા છે.

વાટકી છે.

થાળી છે.

ભાખરી દે.

શાક દે.

દાળ દે.

ભાત દે.

પાણી લે.



જેલ.

વેલ.

ખેલ.

રેલ.

ઢેલ.

પેન.

બેન.

ભાઇ બહેન


પાટી પેન

વાડી વેલ

ધજા જેલ

દેરી દેવ

મમરા સેવ




મામા આવે,
મમરા લાવે.

ફઇબા આવે,
ધાણી લાવે.

બાપા આવે,
સાઇકલ લાવે.

ભાઇ આવે,
ધજા લાવે.



દેવ દેવ,
જે જે.

ઘંટ વાગે,
જે જે.

આરતી થાય,
જે જે.

દેવ દેવ,
જે જે.

આ જેલ,
જેલ બાપાની.

આ ઢેલ,
ઢેલ બહેનની.

આ વેલ,
વેલ બાની.




ખેત ર.

તે ત ર.

ટેબલ.

મેમણ.



ઊડ, તેતર, ઊડ,

ખેતર પર ઊડ.

આવ, મેમણ, આવ,

સેવ મમરા લાવ.

બા, બા, થાળી દે,

લઈ લેને.

બા, બા, વાટકી દે,

લઈ લેને.


બા, બા, પાટલી દે,

લઈ લેને.

બા, બા, ખાવા દે,

લે-ભા-લે.

આ ભાખરી, આ શાક.



મને નાચતી ઢેલ ગમે,

મને ખીલતી વેલ ગમે.

મને સરકસના ખેલ ગમે,

મને સરસ બાગ ગમે.

મને દડે રમતા ભાઈ ગમે,

મને રાસ રમતી બહેન ગમે.

તાજી છાશ મીઠી લાગે,

શેરડી સદાય ગળી લાગે.



બાની વાત સારી લાગે,

બ્હેનનાં ગીત મીઠાં લાગે.

મારે ઘેર ગાય છે.

મારે ઘેર બકરી છે.

બાબી પાસે ચકલી છે.

મારી પાસે ઘેટી છે.

મારી પાસે ટેટી છે.

ભાભી પાસે વેણી છે.

બા પાસે માળા છે.

દાદી પાસે દેવ છે.

આ સાડી છે.

સાડી કેસરી છે.


સાડી દેશી છે.

× × ×

આ બંગડી છે.

બંગડી કેસરી છે.

બંગડી પરદેશી છે.



મને બે પેન આપ.

મને એક પાટી આપ.

મને બે કેરી આપ.

મને એક છરી આપ.

મને બે વેણી આપ.

મને એક માળા આપ.

મને બે વીંટી આપ.

મને એક પેટી આપ.




ઢેલ નાચે,
વેલ હીંચે.
મેઘ ગાજે,
વીજ ચમકે.
ગાય રણકે,
વાઘ ગરજે.

ત તે તૈ.

મ મે મૈ.

પ પે પેંડા.

ભ ભે ભેંસ.



ઘ ઘે ઘેંસ.

મ મે મેંદી.

ર રે રેંકડી.

મેંદી વાવી.

મેં વાવી,

તેં વાવી,

આપણે બેએ મેંદી વાવી.

મેંદી ઊગી,

મેંદી ઊગી,

વાહ મજેની મેંદી ઊગી.

આ ઘેર ગાય,
પેલા ઘેર ભેંસ.

આ ઘેર જમના,
પેલા ઘેર ગંગા.

આ ઘેર ચાંદા,
પેલા ઘેર તારા.

આ ઘેર જલેબી,
પેલા ઘેર પેંડા.

મારે બે હાથ છે.

મારે બે પગ છે.

મારે બે ગાલ છે.

મારે બે કાન છે.

હાથ ને હથેળી છે.

પગને પાની છે.

મને બે પેન આપ.

મને એક પેટી આપ.

મને બે કેરી આપ.

મને એક છરી આપ.

મને બે વેણી આપ.

મને બે વીંટી આપ.



આવ રે ઢેલ,
આવ રે ઢેલ,
મારી સાથે રમવા,
આવ રે ઢેલ.

આવ રે ભાઈ,
આવ રે ભાઈ,
મારી સાથે ખેલવા,
આવ રે ભાઈ.

આવ રે બહેન,
આવ રે બહેન,
મારી સાથે જમવા,
આવ રે બહેન.

કેવી મજાની સવાર !

કેવી સરસ હવા !

કેવી ખીલતી કળી !

કેવી મજાની બેઠક !

આવ, ભાઇ, આવ.

અહીંજ બેસીએ,

અહીંજ ગાઇએ.



પેલી ઊંચી ટેકરી,

કેવી સરસ !

પેલી કાળી વાદળી,

કેવી સરસ !

પેલી ગરીબ ગાવડી,

કેવી સરસ !

પેલી મીઠી માવડી,

કેવી સરસ !

ભારે સરસ - ભારે સરસ.

એક માતા.

મારી બા.

બા—બા જે જે.

એક માતા.

ગાય માતા.

ગાય—ગાય—જે જે.

એક માતા.

હિંદ માતા.

હિંદ માતા-જે જે.



આ કેરી છે.

કેરી કાચી છે.

પેલી કેરી છે.

કેરી પાકી છે.

કાચી કેરી ખાટી લાગે.

પાકી કેરી ગળી લાગે.

કાચી કેરી ખાવી છે ?

ના, જી, ના.

પાકી કેરી ખાવી છે ?

લાવી દે.

પછી વાત.

ચડે તે પડે.

પડે તે ચડે.

હસે તે રમે.

રમે તે હસે.

લખે તે વાંચે.

વાંચે તે લખે.



વહાણે ચડે,

વહાણે ચડે,

મારી ફઇબાના દીકરા

વહાણે ચડે.

*　　*　　*

તારા સાંજે ઊગે,

તારા સવારે સંતાય.

ખારી સેવ.

તીખી સેવ.

ઝીણી સેવ.

જાડી સેવ.

પેલા મેમણ ભાઇની
મીઠી સેવ.

બેબી બહેન પાઠ લખે.

મેના બહેન પાઠ વાંચે.

મહેશભાઈ વાત કહે.

રમેશભાઈ વાત સાંભળે.

× × ×

ઘેલી બહેન વહેલી ઊઠે.

ઘેલી બહેન વહેલી ઊંઘે.

આભ નીચે ધરતી.

ધરતી નીચે પાણી.

ઝાડ નીચે ડાળી.

ડાળી નીચે માળી.

વાડ ઉપર વેલ.

વેલ ઉપર ઢેલ.

ભાલા ઉપર ઢાલ.

માથા ઉપર ટાલ.

શિશુ સાહિત્ય માળા

સંપાદક : મનુભાઈ દવે

બાળવર્ગથી તે ધોરણ ચોથા સુધીના બાળકો વાંચી શકે તેવા શાસ્ત્રીય પદ્ધતિથી લખાયેલાં પુસ્તકો

મધુરાજા અને બીજી વાતો	મોંઘીબેન
આલાખાચર અને બીજી વાતો	મોંઘીબેન
કેસરીસિંહ	મોંઘીબેન
અમથારામ	સોમાભાઈ ભાવસાર
નવી ઇસપનીતિ	ગિજુભાઈ
નાના હતા ત્યારે	સોમાભાઈ ભાવસાર
કેમ રહેવાય	ગિજુભાઈ
ફૂલોની સુગંધ	ગિજુભાઈ
આપણી વનસ્પતિઓ	ગિજુભાઈ
૧૯૩૦ની લડાઈ	રામભાઈ પાઠક
વાર્તા ગુચ્છ	ગિરીશભાઈ
અમારું પતંગીયું	મનુભાઈ દવે
પુંડરીકનાં બાલગીતો	પુંડરીક
આપણું ગામ	મનુભાઈ દવે
વાર્તા મંજરી	સોમભાઈ પટેલ
બારોટના ઉખાણા	ગુલાબસિંહ
શ્રમજીવીઓ	મકુંદ
રૂપ સુંદરી	ચંદ્રભાઈ ભટ્ટ
ફરવા જતાં	ઉમાશંકર જોશી

મળવાનું સ્થાન :

જેચંદ તલકશી એન્ડ સન્સ

એરપાભર બીલ્ડીંગ, હૉર્નબી રોડ, મુંબાઈ